मन की बात 100
MANN KI BAAT 100

# મન કી બાત

ભાગ-4



# MANN KI BAAT

## VOL.4

Script Writers
Sarda Mohan and Shashi Mukherjee

Illustrations and Cover Art
Dilip Kadam

Assistant Artist
Ravindra Mokate

Layout Artist
Tarangini Mukherjee

Edited and Produced by
Amar Chitra Katha

Published by
Amar Chitra Katha Pvt. Ltd

**GUJARATI**

ISBN – 978-81-19596-17-1

Amar Chitra Katha Pvt. Ltd, July 2023

© Ministry of Culture, Govt of India, July 2023
All rights reserved. This book is sold subject to the condition that the publication may not be reproduced, stored in a retrieval system (including but not limited to computers, disks, external drives, electronic or digital devices, e-readers, websites), or transmitted in any form or by any means (including but not limited to cyclostyling, photocopying, docutech or other reprographic reproductions, mechanical, recording, electronic, digital versions) without the prior written permission of the publisher, nor be otherwise circulated in any form of binding or cover other than that in which it is published and without a similar condition being imposed on the subsequent purchaser.

You can now get ACK stories as part of your classroom with ACK Learn,
a unique learning platform that brings these stories to your school with a range of workshops.
Find out more at www.acklearn.com or write to us at acklearn@ack-media.com.



અન્ય લોકોને ઉપયોગી થઈ શકે તેવું કંઈપણ શરૂ કરવા માટે, કોઈ ચોક્કસ ઉંમર, સમય કે સ્થાનની જરૂર હોતી નથી. ઉપયોગી થવાની પ્રેરણા અંતરમાંથી આવે છે. તે એક નાનો અવાજ છે જે આપણને તે કરવું જ જોઈએ એમ કહે છે. પણ એક મોટો પ્રતિધ્વનિ કહેતો હોય છે કે આપણી પાસે સમય નથી અથવા આપણી પૈસા નથી અથવા આપણે તે કરવા ખૂબ નાના છીએ અથવા વૃદ્ધ થઈ ગયા છીએ.

આ કોમિકમાં, તમે તે લોકો વિશે વાંચશો જેમણે પોતાના અંતરના અવાજને સાંભળીને મહાનતમ વસ્તુઓ કરી બતાવી.

શાળામાં મિડડે મીલ વર્કર તરીકે કામ કરતા કરતા ચમ્પા દેવીએ પોતાના ગામને કમ્પોસ્ટ બનાવવાનું અને પ્રદૂષણ ઘટાડવાનું શીખવાડ્યું.

રામવીર તંવર, જેમણે તળાવની સાફ-સફાઈ અને પુનઃસ્થાપન માટે સારી નોકરી છોડી દીધી.

રાધિકા શેટ્ટી, જે એક કૅફે ઑનર છે, તેણે સામાન્ય એમ્બ્યુલન્સ માટે રસ્તા ખૂબ સાંકડા હોવાથી માનવ સમાજ અને પ્રાણીઓ માટે ઑટો એમ્બ્યુલન્સ શરૂ કરી.

અને આવા ઘણાં લોકો, જેમણે સરળ માર્ગને છોડીને દુર્ગમ માર્ગ અપનાવ્યો જેથી તેઓ પોતાના સમાજ, પ્રાણીઓ અને પર્યાવરણ માટે કંઈક ઉપયોગી કરી શકે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1 | ચમ્પા દેવી | 3 |
| 2 | રામવીર તંવર | 6 |
| 3 | ઓમપ્રકાશ સિંઘ | 9 |
| 4 | રાધિકા શાસ્ત્રી | 11 |
| 5 | ચિંતલ વેંકટ રેડ્ડી | 13 |
| 6 | સંદીપ કુમાર બાદસરા | 16 |
| 7 | સુરેશ અને મૈથિલી | 18 |
| 8 | દીપમાલા પાંડે | 21 |
| 9 | શ્રીમાન નારાયણ | 24 |
| 10 | ડૉ. કુરેલ્લા વિઠ્ઠલાચાર્ય | 27 |
| 11 | રાહુલ મહારાણા | 30 |

# ચમ્પા દેવી




*સરકારી શાળાઓના મધ્યાહ્ન ભોજનના પ્રોગ્રામમાં, શાળાના છોકરાઓ માટે રાંધવાનું કામ કરતા કામદાર.


તમે શાકભાજીના છોતરા, પાંદડા અને વધેલા અન્નને કોઈ અલગ ડબ્બામાં ભેગું કેમ નથી કરતા? તેનું ખાતર બની જશે જે તમારા શાકભાજીના બગીચા માટે સારું રહેશે.
ખરેખર? આ ધુમાડાથી તો ત્રાસ થઈ રહ્યો છે. શું તમે અમને ખાતર કેવી રીતે બનાવવું તે શીખવાડશો?


ચોક્કસ.


અન્ય મહિલાઓ પણ ચમ્પા દેવી પાસેથી ખાતર બનાવવાનું શીખવા માગતી હતી. જલ્દી જ -
આ ખાડામાં આપણે રસોડામાંથી નીકળતો લીલો કચરો, તેના પર સૂકા પાંદડા અને ઘાસનું એક સ્તર બનાવશું. એક સ્તરમાં લીલો કચરો અને બીજું સ્તર સૂકા કચરાનું.
ચમ્પા દેવીએ ગામની મહિલાઓને ખાતર કેવી રીતે તૈયાર કરવું તે શીખવ્યું અને તેમને કચરો બાળવાથી અટકાવી.


જલ્દી જ, તેણે તે મહિલાઓને કચરાને અલગ તારવવા માટે લાલ અને લીલા ડબ્બા આપ્યાં.
રસોડામાંથી નીકળતો લીલો કચરો આ લીલા ડબ્બામાં નાંખો અને સૂકો કચરો આ લાલ ડબ્બામાં.
બાળકો હવે કચરાને અલગ તારવવા માટે ખૂબ ઉત્સુક છે!



ખૂબ પહેલાં, ગામના દરેક ઘરની મહિલાઓને રંગીન ડબ્બા વિતરીત કરવામાં આવ્યા હતા. અને હવે વિવિધ પ્રકારના કચરા માટે વિવિધ રંગના ડબ્બા છે.
વાદળી ડબ્બાનો ઉપયોગ કાગળ, કાંચ અને ધાતુના કચરા માટે કરો. તેમનો પણ ફરીથી ઉપયોગ થઈ શકે છે અથવા તે રીસાઇકલ થઈ શકે છે.
પ્લાસ્ટિકની આઇટમો જેમ કે બોટલ અને થેલીઓને રીસાઇકલ કરવા માટે પીળા ડબ્બામાં મૂકો.
થોડાંક અઠવાડિયા પછી –
આ સારી વાત છે કે આપણે વૃક્ષારોપણ માટે ભેગા થઈ રહ્યાં છીએ.
વધુ વૃક્ષો એટલે હવા પણ વધુ સ્વચ્છ રહેશે!
ચમ્પા દેવીના કામના સમાચાર આજુબાજુના ગામોમાં પણ ફેલાયા.
તમે તો તમારા ગામની આખી સુરત જ બદલી નાખી, ચમ્પા દેવી! અમને પણ શીખવાડો ને.
સ્વેચ્છાપૂર્વક, આપણાં તમામ ગામો આપણાં બાળકો અને આપણાં પોતાના માટે સ્વચ્છ અને સ્વસ્થ હોવા આવશ્યક છે.
ત્રણ વર્ષ પછી, પ્રધાનમંત્રી મોદીએ તેમના રેડિયો પ્રોગ્રામ, મન કી બાતમાં, ચમ્પા દેવીના પ્રયત્નોનો ઉલ્લેખ કર્યો, તે આખા ગામ માટે ખૂબ જ આનંદની વાત હતી.
ચમ્પા દેવીએ સેંકડો વૃક્ષો વાવ્યા અને તેની સખત મહેનતથી આજે આખું ગામ લીલુછમ દેખાય છે.
ચમ્પા દેવીને આશા છે કે લીલાછમ અને સ્વચ્છ વાતાવરણનું નિર્માણ કરવામાં તેની સાથે વધુ લોકો જોડાશે.

# રામવીર તંવર



નાયર સર તેમના વિદ્યાર્થીઓને વિદેશી પક્ષીઓ બતાવવા માટે પાસેના એક તળાવ પર લઈ ગયા, પણ –
અરેરે! તળાવની હાલત તો જુઓ!
તેમાં ભાગ્યેજ ક્યાંય પાણી છે, સર.
અને આ જગ્યાએ સડેલા કચરાની દુર્ગંધ આવી રહી છે.




ચાલો, આના બદલે બગીચામાં જઈએ. મારી પાસે એક સ્ટોરી છે, મને લાગે છે કે તે તમને પ્રેરિત કરશે.




શું તે સ્ટોરી કોઈ બીજા ગંદા તળાવની છે, સર?
આ સ્ટોરી 80 એવા તળાવની છે જે ગંદા અને જીવનરહિત હતા, પણ હવે તેમને પુનર્જીવિત કરવામાં આવ્યા છે.




રામવીર તંવર સ્કૂલથી આવીને ભોજન સમાપ્ત કરવામાં હંમેશા ઉતાવળ કરતો.
રામવીર, ધીમે-ધીમે ખા નહીંતર અન્નનળીમાં ફંસાઈ જશે!
હા, મા.


આ છોકરો તો એવી રીતે ભાગે છે જાણે કે તેના પેન્ટમાં આગ લાગી હોય.
અરે તે આગ નથી, તેને દોડાવે છે પાણી.
તે સાચું હતું. દરરોજ, રામવીર તેના ઘરની પાસેના તળાવની પાસે તેના ઢોરને ચરાવવા લઈ જતો.
દિવસનો આ સમય શ્રેષ્ઠ છે. ગાયોને અહીં સરસ ઘાસ મળે છે અને મને સુંદર દૃશ્ય જોવા મળે છે.
રામવીર પાણી પર વહેતા પવનની લહેરખીઓને જોવામાં કલાકો વિતાવી શકતા હતા.
વર્ષો વીત્યાં અને રામવીર મેકેનિકલ એંજીનિયરિંગનો અભ્યાસ કરવા શહેર ગયા. પણ તે ઘરની મુલાકાતે આવતા ત્યારે દર વખતે –
આ લોકો ઘર બનાવવા માટે એક પછી એક તળાવ પૂરી રહ્યાં છે. અહીંયા આજુબાજુમાં ભાગ્યે જ કોઈ વૃક્ષ બચ્યા છે.
હા, બેટા. તેઓ કહે છે કે આપણું ગામ વિકસિત થઈ રહ્યું છે.
તેણે તેના મિત્રો અને વર્ગમિત્રો સાથે તેના વિશે વાત કરી.
આ વિકાસે ઢાંચાને બદલી નાખ્યું છે. ગ્રેટર નોએડા હવે માત્ર ભીડભર્યો શહેરી વિસ્તાર બની ગયો છે.
આપણે હવે ભેગા મળીને તેના વિશે કંઈક કરવાની જરૂર છે.
સદ્ભાગ્યે તેમના માટે તેમની કૉલેજે તેમને પર્યાવરણ માટે કામ કરતા પ્રોગ્રામો સાથે જોડાવવાની તક આપી.
આ અમારા માટે એક તક છે. આપણે એક સમૂહ બનાવશું અને લોકોને આપણાં જળાશયોનું સંરક્ષણ કરવાની જરૂરિયાત વિશે શિક્ષિત કરીશું.
મને પણ એમાં ગણજો.
મને પણ!


રામવીરે એક સમૂહ બનાવ્યો – 'જલ ચૌપાલ'* અને તેના મિત્રો સાથે ગ્રામવાસીઓ સાથે અનૌપચારીક વાતો કરતા રહેવાનું શરૂ કર્યું.
બાબુજી, આપણે આપણાં તળાવોનું સંરક્ષણ કરવું પડશે નહીંતર તે તળાવો બિલ્ડરો લઈ લેશે.
તેં સાચુ કીધું, દીકરા. બોલો અમારે શું કરવું જોઈએ.
રામવીરને મોટી કંપનીમાં નોકરી મળી, તેણે બે વર્ષમાં તે નોકરી છોડી દીધી.
આનાથી વધુ મોટું મિશન મારા માટે તૈયાર છે. સમસ્યા એ છે કે શહેરના ડ્રેનેજ તળાવો સાથે જોડવામાં આવી રહ્યાં છે. તમામ ગટરો અને શહેરના કચરાને તળાવોમાં ઠાલવવામાં આવે છે.
2018માં, રામવીરે 'સે અર્થ' નામના એક એનજીઓની સ્થાપના કરી. જે જળાશયોનું પુનર્સ્થાપન કરવા અને શહેરી જંગલો બનાવવા માટે કામ કરે છે.
તળાવોમાં કચરાના થર બને છે. આ થરને એક પછી એક દૂર કરવા પડશે, પ્રાકૃતિક પ્રવાહને ચાલુ કરવો પડશે અને આસપાસ વૃક્ષો ઉગાડવા પડશે.
છ વર્ષમાં, રામવીરની એનજીઓએ 80 તળાવોને પુનર્જીવિત કર્યા છે અને છ રાજ્યોમાં ચાર શહેરી જંગલો બનાવ્યાં છે.
જ્યારે મેં લોકોને તળાવની ફરતે ચાલતા જોયા અને જળ પક્ષીઓને અહીં જોયા, મને ખૂબ જ સારું લાગ્યું.
રામવીરને લોકો 'પોન્ડમેન ઑફ ઇન્ડિયા' કહે છે. પ્રધાનમંત્રીએ તેમના પ્રયાસોને માન્યતા આપી અને તેમની પ્રશંસા પણ કરી.

*પાણી માટેનો સમુદાય

# ઓમ પ્રકાશ સિંધ




* ગ્રામીણ અને દૂરવર્તી સ્થાનોમાં સરકારી સેવાઓ પૂરી પાડવા માટેની ભૌતિક સુવિધાઓ




* હિન્દીમાં કાકા

^ગ્રામીણ માતા અને બાળઉછેર કેન્દ્ર

# રાધિકા શાસ્ત્રી



બધા બાળકો સ્કૂલની સામે ટોળે ભરાયા હતા, ધોરણ 10 ના છોકરાને દવાખાને લઈ જતી એમ્બ્યુલન્સને જોઈ રહ્યા હતા.
બિચારો રાહુલ! એવું લાગે છે કે ક્રિકેટ રમતી વખતે તેનો પગ એકદમ વળી ગયો.
તેઓ કહે છે કે ફ્રેક્ચર થયું હોઈ શકે છે. ચાલો સારું થયું કે એમ્બ્યુલન્સ તેને ઝડપથી દવાખાને પહોંચાડી દેશે.




હા, તે પાંચ જ મિનિટમાં ત્યાં પહોંચી જશે. પણ જો કોઈ એમ્બ્યુલન્સ દર્દીને સમયસર ન પહોંચાડી શકે તો? તેનો અનુભવ રાધિકા શાસ્ત્રીને ફ્નૂરમાં થયો.




રાધિકા શાસ્ત્રીએ બેંગલુરુમાં 30 વર્ષ સુધી કામ કર્યું. હવે તેણીએ ફ્નૂરમાં એક કેફે ખોલ્યું છે.
લોકો મને કહેતા કે શાકાહારી કેફે અહીં નહીં ચાલે. પણ મને લાગતું કે ચાલશે.




જ્યારે કેફે ડાયમે એક અનૂઠી પ્રતિષ્ઠા જમાવી લીધી, તે પછી રાધિકાનું મગજ અન્ય સમસ્યાઓ તરફ વળ્યું.
તે એમ્બ્યુલન્સ સાંકડા માર્ગથી જઈ શકતી નથી. તેઓએ દર્દીને આ રસ્તે ચાલતા જ લાવવા પડશે.




*એક જનજાતિ જે નિલગિરીમાં વસે છે

# ચિંતલ વેંકટ રેડ્ડી



વિદ્યાર્થીઓ હમણાં જ રિસેસ પછી ક્લાસમાં પાછા ફર્યા હતા.
સોનલ, તું રમવા માટે બહાર કેમ ના આવી?
હું વાંચી રહી હતી.
સર, સોનલ તડકામાં બહાર રમવા માટે ક્યારેય નથી આવતી.
મેં સાંભળ્યું છે કે વિટામિન ડી મેળવવાનો એક જ રસ્તો છે સૂર્યપ્રકાશમાં રહેવું.
સુજીત, વિટામિન ડી તો ડેરી ઉત્પાદનોમાંથી પણ મેળવી શકાય છે. ચિંતલ વેંકટ રેડ્ડીએ વિટામિન ડી વડે છોડવાઓ ઉગાવવાની એક નવી રીત શોધી કાઢી છે.
2017માં, ચિંતલ વેંકટ રેડ્ડી, તેલંગાનાના એક સમૃદ્ધ ખેડૂત, તેમના ડૉક્ટર મિત્ર સાથે વાત કરી રહ્યાં હતા
રેડ્ડી, તમે ભાગ્યશાળી છો કે તમે એક ખેડૂત છો તો તમે દરરોજ પર્યાપ્ત સૂર્યપ્રકાશ મેળવી શકો છો.
એવું કેમ?
મારા મોટા ભાગના યુવાન દર્દીઓને વિટામિન ડીની ઊણપ વર્તાય છે. દરેકજણ ઘરમાં જ રહીને કામ કરવામાં વ્યસ્ત છે, તેથી તેમને સૂર્યપ્રકાશ મળતો નથી.
આ સારી વાત નથી.
હા, વિટામિન ડી હાડકાં અને સ્નાયુના સ્વાસ્થ્યનું સંચાલન કરે છે અને તેની કમીના કારણે થાક, નબળી રોગપ્રતિકારક શક્તિ અને ડિપ્રેશન જેવી સમસ્યાઓ થાય છે.
આ વાતચીતનો રેડ્ડીના મન પર ઊંડો પ્રભાવ પડ્યો.
યુવાન લોકોનું વિટામિન ડીની ઊણપને લીધે માંદા પડવું એ તો ગંભીર સમસ્યા છે. તેના વિશે કંઈક કરવું જોઈએ.


એક દિવસ તેમના ખેતર પર. રેડ્ડીના મનમાં વિચાર આવ્યો.
જો છોડવાઓ પોતાના ખોરાક માટે ફોટોસિન્થેસિસ કરી શકતા હોય, તો તેઓ સૂર્યપ્રકાશમાંથી વિટામિન ડીનું ઉત્પાદન કેમ ના કરી શકે?
રેડ્ડીએ તેના ખેતર પર પ્રયોગ કરવાનું શરૂ કર્યું.
એવા છોડવાઓ છે જે વિટામિન એ અને વિટામિન સીનું ઉત્પાદન કરે છે, ચાલો જોઈએ તે વિટામિન ડીનું ઉત્પાદન પણ કરી શકે છે કે નહીં.
રેડ્ડીએ તેના પ્રયોગ માટે ડાંગર અને ઘઉં વડે ત્રણ નમૂનાના બેડ બનાવ્યા.
એક બેડમાં, તેણે પ્રાણીજન્ય ઉત્પાદનો જેમ કે ઈંડા, દૂધ, ઘી અને ચીઝ ઉમેર્યાં.
મને આશા છે કે છોડવાઓ આમાંથી પોષક તત્વોને શોષી લેશે.
બીજામાં, તેમણે વિટામિન ડીની ગોળીઓનું દ્રાવણ ઉમેર્યું.
અને ત્રીજા બેડમાં, તેણે ગાજર, રતાળું અને મકાઈના લોટની પેસ્ટ ઉમેરી.




*આંતરરાષ્ટ્રીય એકમ
^સીવીઆર (ચિંતલ વેંકટ રેડ્ડી) સોઇલ ટેકનીક તરીકે ઓળખાય છે

**તે તકનીક કે જેમાં ફળદ્રુપતા વધારવા માટે માટીના ઉપલા સ્તરને બદલવામાં આવે છે

# સંદીપ કુમાર બાદસ્રા




*ભંગાર એકત્રિત કરનાર કે જે જૂની ચોપડીઓ અને છાપાઓ એકત્રિત કરે છે.




^ હિંદીમાં કાકા માટે વપરાયેલો શબ્દ

# સુરેશ અને મૈથિલી




*ચોખા સાથે સ્વાદવાળી ભૂકો બરફ




*ઉત્પાદન માટે વપરાતો શબ્દ

^ખેતીનો વિકાસ કરવા માટેની એક સરકારી યોજના


સુરેશ અને મૈથિલીએ ભૂમિ એગ્રો વેન્ચર્સ નામથી એક નાનો ઉદ્યોગ શરૂ કર્યો.
જલ્દી જ, થોડા કારીગરો જોડાયા. તેઓ હવે વધારાના ઉત્પાદનો બનાવવાનું પણ શરૂ કરી રહ્યાં હતા.
આ બેજોડ ઉત્પાદનોની માંગ જલ્દી જ વધી હતી.
આ પ્લેટ માઇક્રોવેવ ઓવનમાં મૂકી શકાય છે.
અદ્ભુત!
મને વિશ્વાસ નથી થતો કે આ સેન્ડલ પૂર્ણપણે બાયોડિગ્રેડેબલ છે. પ્લાસ્ટિક અને લેધરનો આ તો કેટલો આકર્ષક વિકલ્પ છે!
આજે, સુરેશ અને મૈથિલીના ઉદ્યોગને જોરદાર સફળતા મળી છે, સાથે જ તેમના ઉત્પાદનોનો આંતરરાષ્ટ્રીય સ્તરે નિકાસ થઈ રહ્યો છે.
This is an artist's interpretation of the map and does not claim to be accurate.
પ્રધાનમંત્રીએ તેમના રેડિયો શોમાં, દંપત્તિનો ઉલ્લેખ કર્યો અને નાગરિકોને સ્વદેશી અને ટકાઉ ઉત્પાદનોને ખરીદવા માટે પ્રોત્સાહિત પણ કર્યાં.

# દીપમાલા પાંડે













*ઉત્તર પ્રદેશનું એક શહેર


આ બાળક હંમેશાં તમારી સાથે કેમ હોય છે? તેણે ક્લાસમાં ન હોવું જોઈએ?
તે હજી સ્કૂલના વાતાવરણથી ટેવાઈ રહ્યો છે. આપણે થોડી ધીરજ રાખવાની જરૂર છે.
દીપમાલાએ સાંકેતિક ભાષામાં અનમોલ સાથે વાતચીત કરવાનું શરૂ કર્યું...
ગુડ મોર્નિંગ.
...અને અનમોલે પણ તે જ રીતે વાતચીત કરવાનું શરૂ કર્યું.
ધીમે-ધીમે, તે ક્લાસમાં સેટ થઈ ગયો અને અન્ય વિદ્યાર્થીઓ સાથે શીખવા લાગ્યો.
જે દિવસે અનમોલે સરકારી સ્કોલરશિપ પ્રાપ્ત કરી, તે ગર્વભર્યો અવસર હતો.
સામાન્ય રીતે અપંગ બાળકોના માતા-પિતા તેમના વતી ફોર્મ ભરતા હોય છે પરંતુ અનમોલે જાતે ફોર્મ ભર્યું!
મારો પુત્ર એકદમ આત્મવિશ્વાસુ અને આત્મનિર્ભર બની ગયો છે.




*રાઇટ ઑફ પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ એક્ટ

# શ્રીમાન નારાયણ




*કેરળનો એક જીલ્લો

^મલયાલમ ભાષામાં મોટા ભાઈ




*જીવન-રક્ષક પાણી માટેનું માટીનું વાસણ.


તેમણે સેંકડો રોપાઓ ખરીદવાનું પણ શરૂ કર્યું અને –
સરોજિની અમ્મા, થોડાંક રોપાઓ લો અને તેમને તમારા ઘરની આસપાસ વાવી દો.
હું થોડા વધુ લઈ શકું? મને એક સપોતાનો રોપ દેખાય છે.
તેમણે જલ્દી જ એક ગામથી બીજે ગામ જવાનું અને રોપાઓ વિતરીત કરવાનું શરૂ કર્યું.
નારાયણન, તમે ખરેખર પર્યાવરણ માટેના યોદ્ધા છો. પણ તમે આટલા બધા રોપાઓ માટે ફંડ ક્યાંથી મેળવો છો?
મારા ત્રણેય છોકરાઓ સારી રીતે સેટલ થઈ ગયા છે અને ખુશ છે. હું હવે મારી તમામ કમાણી આ સદ્કાર્યને સમર્પિત કરું છું.
નારાયણને 15 લાખથી વધુ રૂપિયા ખર્ચ કર્યા અને તેના સમગ્ર જીલ્લામાં 50,000થી વધુ રોપાઓ વિતરીત કર્યા.
આગલા ઉનાળામાં –
માટીના વાસણનું કેમ્પેન ફરી શરૂ કરી રહ્યાં છો, એમ?
હા, મેં પહેલાંથી જ 10,000 માટીના વાસણનો ઓર્ડર આપી દીધો છે. શું તમે મને તેનું વિતરણ કરવામાં મદદ કરશો?
અરે, બિલકુલ! આપણે તેને રહેવાસી સમુદાયો અને સ્કૂલ તથા કૉલેજોમાં પણ વિતરીત કરીશું.
જ્યારે આ વાસણો ખલાસ થઈ ગયા, નારાયણને વધુનો ઓર્ડર આપ્યો.
આગલા ત્રણ વર્ષમાં, નારાયણને લગભગ એક લાખ માટીના વાસણ મફત વહેંચ્યાં.
હું પર્યાવરણના વર્તમાન વિનાશને અવગણીને મારા ભવિષ્ય માટે બચત કરવા નથી માગતો.
મહાત્મા ગાંધીના આદર્શોના અનુયાયી, નારાયણને તાજેતરમાં એસ.કે.પોટ્ટેકાટ એવોર્ડ પ્રાપ્ત કર્યો અને આ કામ માટે વૃક્ષ મિત્ર એવોર્ડ મેળવ્યો.

# ડૉ. કુરેલ્લા વિઠલાચાર્ય




*તેલંગાનામાં

^જમીનમાલિકો


...તેને રાત આખી વાંચતો...
...અને સવાર સુધીમાં આખી વાંચી લેતો.
આ તમારું પુસ્તક.
તેં આખું વાંચી લીધું!?
ઉપરથી શાળામાં હાજર પણ થઈ જતો.
જલ્દી જ, તેમણે કૉલેજનું શિક્ષણ પૂરું કર્યું અને તેલુગુ ભણાવવાનું શરૂ કર્યું. તે પછી તેમણે પોતાની પીએચ.ડી. પૂરી કરી અને એક સરકારી કૉલેજમાં પ્રાચાર્ય બન્યા. હવે તે ઘણાં પુસ્તકો ખરીદવા સક્ષમ હતા.
કુરેલ્લાએ તેલુગુ ભાષામાં 22 પુસ્તકો પણ લખ્યાં.
1993માં, તે નિવૃત્ત થયા અને પોતાના વતને પાછા ફર્યા.
હવે હું મારી ઇચ્છા મુજબ લાઇબ્રેરી બનાવી શકું છું. આ બાળકો પાસે તે સંસાધનો હશે જે મારી પાસે ક્યારેય નહોતા.
તેમાં થોડા વર્ષનો સમય લાગ્યો, પણ 2014માં –
પ્રિંસિપાલ સર, તમે શું કરી રહ્યાં છો?
હું મારા ઘરમાં એક વિશાળ હૉલ બનાવવા માટે મારી બચતનો ઉપયોગ કરી રહ્યો છું.


જલ્દી જ –
મારા ઘરનો એક ભાગ હવે ભણવા માંગતા હોય તેવા કોઈપણ માટે સમર્પિત કરવા લાઇબ્રેરી તરીકે વપરાશે. મારા તમામ 5,000 પુસ્તકો અહીં મફતમાં ઉપલબ્ધ છે. જો અન્ય કોઈપણ પોતાના પુસ્તકો દાનમાં આપવા માંગતા હોય, તો હું તેમનો આભારી રહીશ.
WELCOME
લેખકો, કવિઓ અને વિદ્યાર્થીઓએ પ્રતિસાદ આપ્યો. ટૂંક સમયમાં જ પુસ્તકોની સંખ્યા 5,000થી વધીને 2,00,000 થઈ! આમાં કેટલાક દુર્લભ પુસ્તકો પણ સામેલ છે.
આપણને થોડી વધુ જગ્યાની જરૂર છે! મારે વધુ મોટી લાઇબ્રેરી બનાવવી પડશે.
કુરેલ્લાએ પ્રથમ માળને પણ લાઇબ્રેરીમાં રૂપાંતરિત કરો. 'આચાર્ય કુરેલ્લા ગ્રંથાલયમ' હવે જ્ઞાનનો ખજાનો બની ગયો છે.
અત્યાર સુધીમાં, આઠ સંશોધન વિદ્વાનો પાસે છે તેમના પીએચ.ડી. આધારિત છે માહિતી પર તેઓ મારી લાઇબ્રેરીમાં મળી.
તેલુગુ ભાષામાં તેમના યોગદાન માટે, ડૉ. કુરેલ્લા વિઠ્ઠલાચાર્યને 2019માં દશરથી એવોર્ડથી નવાજવામાં આવ્યાં. પ્રધાનમંત્રી મોદીએ પણ તેમની મન કી બાતમાં તેમનો ઉલ્લેખ કર્યો હતો.
મને મારી લાઇબ્રેરીએ અન્ય લોકોને ગ્રામીણ લાઇબ્રેરી સ્થાપિત કરવા પ્રેરિત કર્યા છે એ વાતે સૌથી વધુ ખુશી આપી છે. આનો અર્થ છે કે તે નાના ગામોમાં રહેતા બાળકોને હવે સંસાધનોની કમી વેઠવી પડશે નહીં.

# રાહુલ મહારાણા




*ઓડિસામાં


આ બોટલ પર કાદવના થર જામેલા છે! ઘણાં લાંબા સમયથી અહીં કચરાનો ઢગલો થઈ રહ્યો હશે.
આ કચરો કિનારા પર રહેતા લોકો દ્વારા નદીમાં ફેંકવામાં આવે છે.
મેન્ગ્રોવ એ ઇકોસિસ્ટમ માટે મહત્વપૂર્ણ છે અને સમુદ્રથી જમીનનું રક્ષણ કરે છે! તેમની કાળજી લેવી જ જોઈએ
એક મોટા કોથળા અને એક મિશન સાથે સજ્જ...
... રાહુલે પોતાના રવિવારનો સમય અષ્ટરંગ પર વિતાવવાનો શરૂ કર્યો.


તેના પ્રયાસોએ જાહેર જનતાનું ધ્યાન ખેંચ્યું. 8 જાન્યુઆરી 2022 ના રોજ, તેણે પોતાની પ્રથમ સાફ-સફાઇ પહેલનું આયોજન કર્યું જેમાં ઘણાં સ્વયંસેવકોએ ભાગ લીધો.
તમારા દરેકના પ્રયાસો માટે આભાર! આપણે આજે એક સારા કામમાં દિવસ વિતાવ્યો.
હુરે
આ સાફ-સફાઈ પ્રોજેક્ટ કરવા માટે સમય અને પૈસાની વ્યવસ્થા કરવી મુશ્કેલ નથી?
રાહુલ, કે જે હમણાં એક સિક્યુરિટી ગાર્ડ તરીકે કામ કરે છે, હજી પણ પોતાના લક્ષ્ય સાથે વચનબધ્ધ છે.
હું મારો મોટા ભાગનો પગાર તેમાં ખર્ચ કરું છું. કંઈક અલગ કર્યાનો આનંદ થાય છે. મારા માતા-પિતા પણ મને સપોર્ટ કરે છે.
રાહુલ પણ અત્યાર સુધી વેટલેન્ડ રિસ્ટોરેશનનો હિમાયતી છે.
મને ખુશી છે કે આપણે આ મેન્ગ્રોવ વાવી રહ્યાં છીએ.
તે પૂર્ણપણે વિકસિત થઈ જાય તે પછી, તેઓ જૈવવિવિધતાથી ભરપૂર હશે અને દરિયાકિનારાનું રક્ષણ કરશે.
અત્યાર સુધી રાહુલે, 2,250 કિલો કચરો સાફ કર્યો છે.
જો લોકો ગંદકી કરવાનું ચાલુ રાખશે તો આ આંકડો વધી શકે છે. જો દરેક વ્યક્તિ પર્યાવરણને બચાવવા માટે તેના પોતાના ભાગનું કામ પણ કરશે, તો તે વિકાસ પામશે.



# મન કી બાત

## ભાગ-4

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો રેડિયો શો, મન કી બાત, આપણી વચ્ચે રહેતા રોજબરોજના હીરોને ચેમ્પિયન બનાવે છે. વિશાળ હૃદય અને અતૂટ સંકલ્પથી સજ્જ આ તે લોકો છે જેમણે કંઈક અલગ કરી બતાવ્યું છે.

એક છે દીપમાલા પાંડે, સ્કૂલના પ્રાચાર્યા અને સમાવેશી શિક્ષણ પદ્ધતિના પ્રખર હિમાયતી. તેમનો 'વન ટીચર, વન કૉલ' પ્રોગ્રામ ધીમે ધીમે પણ નિશ્ચિતપણે, વિકલાંગ વિદ્યાર્થીઓને કોઈપણ અન્ય બાળકને મળે છે તે જ ગુણવત્તાનું શિક્ષણ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.

જેને સૂર્યપ્રકાશનો આશિર્વાદ પ્રાપ્ત થયેલ છે એવા આ દેશમાં, શું તમે જાણો છો કે મોટા ભાગના ભારતીયો વિટામિન ડીની ઊણપથી પીડિત છે? આ વાતની ઊંડી અસર ચિંતલ વેંકટ રેડ્ડી નામના ખેડૂતના મન પર થઈ, જેણે વિટામિન ડી ધરાવતા પાકની પેદાશ કરવાની એક અનોખી રીત શોધી કાઢી.

દસ્તાવેજો માટે અરજી કરવાની હોય કે હોમવર્ક માટે શોધકાર્ય કરવાનું હોય, હવે દરેક વસ્તુ બસ થોડી જ ક્લિકના અંતરે છે. જો કે, દરેક પાસે ઇન્ટરનેટની ઍક્સેસ હોતી નથી. ઓમ પ્રકાશ સિંઘ વિશે વાંચો, તે માણસ કે જેણે પોતાના ગામને વર્લ્ડ વાઇડ વેબની અજાયબીઓનો પરિચય કરાવ્યો.

મન કી બાતનું ચોથું વોલ્યુમ તમારી પાસે અગિયાર નવી સ્ટોરી લઈને આવ્યું છે જે રસપ્રદ, માહિતીપ્રદ અને પ્રેરક હશે.



₹99

www.amarchitrakatha.com
ISBN 978-81-19596-17-1